જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૧/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

## સમાચાર યાદી નં.૨૦૧૨/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૪,૧૯,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશનઃ-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૨૪૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૧૧૦૪/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪, ૩૫૪ મુજબના ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક/પીસીબી /ડીટીએન/પાસા/૯૪૨/૨૦૨૨ તા-૦૮/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૮/૧૧/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

તા.૦૮/૧૧/૨૦૨૨

## આરોપીનુ નામ -

"મહેન્દ્રસિંહ સ/ઓ ભરતસિંહ જાડેજા ઉ.વ.૩૭ રહે.મોટો વ્યાસવાડો, હરીપ્રકાશ સોસાયટીની બાજુમાં, દરબારવાસની બાજુમાં, નરોડા, અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.જી.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં. ૮૪૨૨ હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો.શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૨ વ્યક્તિઓને ઝડપી, ૩૩૭ લીટર દેશી દારૂ, ૩૫૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯ બિયર ટીન, ૧ ટ્રક, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૪/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૧૫/૨૦૨૨

**મણીનગરઃ** પ્રતિક પંકજભાઈ પટેલ (ઉ.વ.૩૪) (રહે. શેલ કોમ્પલેક્ષ રાજેન્દ્રપાર્ક સોસાયટી જવાહર ચોક ચાર રસ્તા મણીનગર) એ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રતિક પટેલને વર્ક વિઝા પરમીટ ઉપર કેનેડા મુકામે જવાનુ હોઈ મણીનગર જયહીંદ ચાર રસ્તા ખાતે આવેલ દેવદર્શન કોમ્પલેક્ષમાં પી.એમ.પી. સેમસંગ ઈલેકટ્રોનિકસના શો રૂમ ખાતે આરોપી મનિષકુમાર હરગોવનભાઈ પટેલ (રહે. ગામ સંખારી પટેલ વાસ તા.જી. પાટણ) નો સંપર્ક કરતા તા.૨૭/૦૯/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કેનેડાના વર્ક વિઝા પરમીટ માટે પ્રોસેસ ફી પેટે પ્રતિક પટેલ પાસેથી રૂપિયા ૧,૧૮,૨૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ પ્રતિક પટેલ નાઓને કેનેડા વર્ક વિઝા પરમીટ રદ કરતા પૈસા પરત નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** સિક્યોર પાર્કીંગ સોલ્યુશનસ પ્રા.લી.વતી તેના ઓથોરીટી શ્રી નીઝામુદ્દીન યાસીનઅલી શીયારી (ઓફીસ. એફ-૫, ૧૫/૧૫ એ, પીનાકલ બીઝનેસ પાર્ક, શાંતિનગર મહાકાલી કેવ રોડ અંધેરી મુંબઈ) એ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આલ્ફા મોલ (અમદાવાદ વન મોલ) માં પાર્કીંગ મેનેજમેન્ટની નોકરી કરતા આરોપી અભિમન્યુસિંઘ ચરીદ્રપાલસિંઘ રાઠોડ (રહે. મનોહર એન્કલેવ સીટી સેન્ટર ગ્વાલીયર મધ્યપ્રદેશ) એ તા.૨૩/૧૦/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રોજીંદા કલેક્શનના નાણાં કુલ રૂપિયા ૧૦,૪૪,૧૧૩/- કંપનીના બેંક ખાતામાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૬/૨૦૨૨**

**સાયબર ક્રાઇમ**ઃ ચિરાગ પરશુરામ હત્તીમારે (ઉ.વ.૪૦) (રહે.ચંદ્રમણી સોસાયટી ઘનશ્યામનગર સામે કેનાલ રોડ ઘોડાસર) એ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૨ ના રોજ ચિરાગ હતીમારે રાયપુર ખાતે યુનિયન બેંકના એટીએમ સેન્ટરમાંથી પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એટીએમ કાર્ડ ત્યાં જ રહી જતા અજાણી વ્યક્તિએ ચિરાગ હત્તીમારેનુ એટીએમ કાર્ડ ચોરી કરી લઈ જઈ યેનકેન પ્રકારે પીન નંબર જાણી લઈ ચિરાગ હતીમારેના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯૯,૯૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી માલસિંહ દેસિંગ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ**ઃ ઘાટલોડીયા આર.સી.ટેકનીકલ રોડ ફુટપાથ ઉપર રહેતા અને મજુરી કામ કરતા ડાલીબહેન બંસીલાલ વાઘરીયા (મુળ વતન. ગામ મુંડોલ તા.જી.રાજસમંદ રાજસ્થાન) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે સોલા ભાગવત ચાર રસ્તા ખાતે પેડલ રીક્ષા ઉપરથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અમિતભાઈ જીતુભાઈ ચલાવે છે.

**વેજલપુર**ઃ ગુલામરસુલ મૌલાઅલી શેખ (ઉ.વ.૭૬) (રહે. ગુલઝાર પાર્ક કો.ઓ.હા.સોસાયટી લીમીટેડ બાગે નિસાત સોસાયટી સોનલ સિનેમા સામે વેજલપુર રોડ) એ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગુલામરસુલ શેખ તા.૦૧/૦૬/૨૦૨૨ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે વાસણા એ.પી.એમ.સી માર્કટ એ.ટી.એમ.સેન્ટર ખાતે પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એક પુરૂષે ગુલામરસુલ શેખને વાતોમા વ્યસ્ત રાખી એ.ટી.એમ.કાર્ડનો પીન નંબર જાણી લઈ ગુલામરસુલ શેખનું એ.ટી.એમ. કાર્ડ બદલી લઈ ગુલામરસુલ શેખના ખાતામાથી રૂપિયા ૪૯,૯૯૯/- ટ્રાન્સફર કરી લઈ તેમજ રૂપિયા ૨૦,૦૦૦/- ઉપાડી લઈ લીધા હતા. આ ગુનાની તપાસ હે.કો.રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન/મોબાઈલ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૭/૨૦૨૨**

**નિકોલ**ઃ ધીરજકુમાર સ/ઓ સુભાષચંદ્ર તિવારી (ઉ.વ.૩૦) (રહે. શ્યામ રેસીડેન્સી ૮૩ દાસ્તાન ફાર્મ સામે વસાણી પાર્ટી પ્લોટ પાસે એસ.પી.રીંગ રોડ કઠવાડા નિકોલ) તા.૦૩/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે વસાણી પાર્ટી પ્લોટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્સેસ મોપેડ ઉપર આવેલ બે પુરૂષ ધીરજકુમારના હાથમાંથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- આંચકી લઈ તેમજ ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધીરજકુમાર તિવારીએ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૮/૨૦૨૨**

**નારોલઃ** દસ્ક્રોઇ જેતલપુર ગામ નાઝ-પીરાણા રોડ લલ્લુજી એન્ડ સન્સ મંડપ ડેકોરેશન કંપનીમાં રહેતા અને ત્યા જ કામ કરતા લવકુશ ઉમાશંકર (ઉ.વ.૨૯) તા.૦૮/૧૧/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે જેતપુર ગામ ખાતે આવેલ "લલ્લુજી એન્ડ સન્સ" મંડપ ડેકોરેશન નામની કંપનીમાં ફુલ સજાવવા માટેનો લોખંડનો ગમલો ઉંચો કરી ગોડાઉનની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ મુકવા સારૂ લઈ જતા હતા દરમ્યાન આ લોખંડનો ગમલો જી.ઇ.બી.ની મેઇન વીજ લાઇનને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**પાણીની ટાંકીમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૯/૨૦૨૨**

**રામોલઃ** કિશોરસિંહ ગંભીરસિંહ પરમાર (ઉ.વ.૬૮) (રહે.જલપરી સોસાયટી સુમીનપાર્ક પાસે વસ્ત્રાલ) તા.૦૮/૧૧/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક મકાન ખાતે પાણીની ટાંકીમાં પડી જતા ડુબી જવાથી તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મણીલાલ ચંદુભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૦/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** વિશાલભાઇ સુર્યકાન્તભાઇ પ્રજાપતિ (રહે. અપેક્ષા એવન્યુ વંદેમાતરમ આઇકોન ચાર રસ્તા ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલભાઈ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** જગદીશભાઇ રમેશભાઇ પુજારા (ઉ.વ.૩૧) (રહે. નવી આવાસ યોજના સી-ડી/૨૧૬ રામીરમણલાલની ચાલી આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી